# સે-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં આંતરિક માર્ગ નિચાણમાં ગરકાવ

## માર્ગ સુધારણા દરમિયાન માર્ગોનુ યોગ્ય લેવલીંગ ન થતા વરસાદી દિવસોમાં જળબંબાકાર ફરિયાદનુ ત્વરિત નિરાકરણ લાવવા વિભાગના અધિકારીને રજુઆત

ગાંધીનગર તા ૧૫

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ આમ પણ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ રહીશોએ પેવર બ્લોક કરાવી માર્ગોને નિચાણમાં ધકેલી દીધા છે. જયારે ફેન્સીંગ સહીતના દબાણોની ભરમાર પણ કામમાં અડચણરૂપ બની છે. બીજીતરફ તંત્ર દ્વારા પણ માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન લેવલીંગનો યોગ્ય ખ્યાલ ન રાખવામાં આવતા વરસાદી દિવસોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. સે-૨૫ સ્થિત સુર્યનારાયણ સોસાયટીમાં આવી જ સ્થિતિ છે. સોસાયટીમાં માર્ગ સુધારણાના અંતે રસ્તો એકબાજુ નીચાણમાં ધકેલાઇ ગયો છે. માર્ગનુ લેવલીંગ કરવા સ્થાનિકોએ રજુઆત કરી છે.

શહેરના જુના સેકટરોમાં તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં કેટલાક વિસ્તારમાં માર્ગનુ યોગ્ય લેવલીંગ ન થતા સ્થાનિકો માટે




નવી સમસ્યા ઉભી થઈ છે. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાની કામગીરી દરમિયાન આમ પણ પેવર બ્લોકનુ લેવલ ઉંચુ રહેતા માર્ગો નીચાણમાં ગરકાવ થઈ જાય છે. માર્ગોનુ યોગ્ય લેવલીંગ ન થતા વરસાદી પાણીના ભરાવાના લીધે રસ્તાનુ ધોવાણ પણ થાય છે. આ ઉપરાંત ગંદકી સહીતની સમસ્યા પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. સે-૨૫ સ્થિત સુર્યનારાયણ સોસાયટીમાં પણ હાલ આવી સ્થિતિ છે. થોડા સમય અગાઉ માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન સોસાયટીમાં માર્ગોનુ યોગ્ય લેવલીંગ ન થતા એકબાજુથી આખો રસ્તો નીચાણમાં ગરકાવ થયેલો જોવા મળે છે.

સ્થાનિકોએ આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ માર્ગ સુધારણા દરમિયાન લેવલીંગનો ખ્યાલ રાખવામાં આવ્યો નથી જેના લીધે વરસાદના ઝાપટા સાથે આ વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે. એટલુ જ નહીં પરંતુ પાણીનો નિકાલ પણ થતો નથી જેના લીધે ગંદકી થાય છે. વરસાદી દિવસો પણ નજીકમાં છે. ત્યારે આ મામલે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને માર્ગનુ લેવલીંગ કરવામાં આવે તેવી રજુઆત પણ કરવામાં આવી છે. સે-૨૫ સુર્યનારાયણ સોસાયટીના દર્શન દરજીએ આ અંગે માર્ગ મકાન વિભાગના અધિકારીને રજુઆત કરી ત્વરિત સમસ્યાનુ નિરાકરણ આવે તેવી માંગણી કરી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



તમને આ લોકોએ ડુપ્લીકેટ રસી આપી દીધી છે... જો એક પણ સિક્કો કે ચમચી ચોંટતી નથી...!!

# બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ સુવર્ણ જયંતિની કોંગ્રેસ શાનદાર ઉજવણી કરશે

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા રચાયેલી રાજ્યકક્ષાની કમિટીમાં કો-ઓર્ડીનેટર તરીકે મહામંત્રી ડો. હિમાંશુ પટેલની નિમણૂંક : દરેક જિલ્લાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ભારતનાં પાડોશી દેશ બાંગ્લાદેશની આઝાદી માટે સને ૧૯૭૧માં લડાયેલાં યુદ્ધની સુવર્ણ જયંતિની ઉજવણીનું કોંગ્રેસ દ્વારા ગુજરાત સહિત દેશભરમાં શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ, ૧૯૭૧ની ૫૦મી જયંતી માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા નિમાયેલી રાજ્યકક્ષાની કમિટીમાં કો-ઓર્ડીનેટર તરીકે લડાયક યુવા પ્રવક્તા અને મહામંત્રી ડૉ. હિમાંશુ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

સને ૧૯૭૧માં ભારત દ્વારા વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનાં નેતૃત્વમાં પાકિસ્તાન સામે યુદ્ધ કરી બાંગ્લાદેશને આઝાદી અપાવવામાં આવી હતી. બાંગ્લાદેશની સ્વતંત્રતા માટે લડાયેલાં આ ઐતિહાસિક યુદ્ધને ૫૦ વર્ષ પૂર્ણ થતાં કોંગ્રેસ દ્વારા સમગ્ર દેશમાં આ યુદ્ધની સુવર્ણજયંતિની ઉજવણીનું



શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમતિ સોનિયા ગાંધીએ ધ ૫૦ એનિવર્સરી ઓફ બાંગ્લાદેશ લિબેરશન વૉર, ૧૯૭૧ કમિટીની રચના કરી તેનાં કન્વીનર તરીકે કેપ્ટને પ્રવિણ દાવરની નિમણૂક કરી છે.

# અમદાવાદમાં પરંપરાગત રથયાત્રા કાઢવા પરવાનગી માંગી

## ગત વર્ષે કોરોનાને પરિણામે જગન્નાથની રથયાત્રા ભક્તો વગર જ નીકળી હતી, રથયાત્રાને લઈને હજુપણ અટકળો

અમદાવાદ,તા.૧૫

અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે કે નહિ તે અંગે હજી અટકળો ચાલી રહી છે. ગત વર્ષે કોરોના સંક્રમણને કારણે જગન્નાથની રથયાત્રા ભક્તો વગર નીકળી હતી. ત્યારે આ વર્ષે રથયાત્રા નીકળશે કે નહિ તે મોટો પ્રશ્ન છે. આ અંગે બેઠકોનો દોર શરૂ થયો છે. ત્યારે ભગવાન જગન્નાથજીની રથયાત્રા અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. પરંપરાગત રથયાત્રા કાઢવા માટે પોલીસ કમિશનર પાસે પરવાનગી માગવામાં આવી છે. કોરોના સંક્રમણના ૫૮ દિવસ બાદ અમદાવાદનું પ્રખ્યાત જગન્નાથ મંદિર દર્શન માટે ખુલ્લુ મૂકાયું છે. કોરોનાની ગાઈડ લાઈનના પાલન સાથે જગન્નાથ મંદિર ભક્તો માટે ખોલવામાં આવ્યું છે. ત્યારે આ વખતે અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે કે નહિ તે અંગે હજી અટકળો ચાલી રહી છે. આ વચ્ચે મંદિરના ટ્રસ્ટી દ્વારા રથયાત્રાના આયોજન અંગે અરજી કરવામાં આવી છે. જેમાં પરંપરાગત રથયાત્રા કાઢવા માટે પોલીસ કમિશનર પાસે પરવાનગી માગવામાં આવી છે. રથયાત્રામાં રથ, ભજન મંડળી, ગજરાત, અખાડા સાથે આયોજન કરવાની પરવાનગી માંગવામાં આવી છે. જળયાત્રાની સાથે રથયાત્રાની પરવાનગીની રજૂઆત કરવામાં આવી છે. માત્ર રથ નહીં પરંતુ રથ સાથે ગજરાજ પર યાત્રામાં જોડાવા માંગ કરવામાં આવી છે. જો કે, રથયાત્રા અંગે નિર્ણય બાકી છે પરંતુ બેઠકોનો દોર યથાવત જોવા મળી રહ્યો છે.

# પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિર્મિત ઓક્સિજન પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ

## હવામાંથી ઓક્સિજન બનાવવાના PSA પ્લાન્ટ દ્વારા ૩૦૦ ટન ઓક્સિજન મેળવી ગુજરાત ઓક્સિજનમાં પગભર થશે : વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિર્મિત ઓક્સિજન પ્લાન્ટના ગાંધીનગરથી વર્ચ્યુઅલ લોકાર્પણ પ્રસંગે કહ્યું કે કોરોનાની ત્રીજી સંભવિત લહેરને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આવનારા સમયમાં ૧૮૦૦ મેટ્રિક ટન ઓક્સિજનની વ્યવસ્થાઓ ઊભી કરવાની નેમ રાખી છે.

આવા ઓકસીજન પ્લાન્ટમાં હવામાંથી ઓક્સિજન મેળવીને તેને સપ્લાય કરવામાં આવશે. તેના ભાગરૂપે આજે આવા જ એક પ્લાન્ટનું આપણે લોકાર્પણ સંપન્ન કર્યું છે તેમ તેમણે કહ્યું હતું.





મુખ્યમંત્રીએ જણાવ્યું કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા રૂ. ૬૦ લાખના ખર્ચે માત્ર ૧૫ દિવસમાં તૈયાર થયેલા આ ઓક્સિજન રિફિલીંગ પ્લાન્ટથી પાટણ શહેર-જિલ્લા અને આસપાસના તાલુકાઓમાં કોરોના મહામારી દરમ્યાન ઓક્સિજન જરૂરિયાત આ પ્લાન્ટથી પૂર્ણ થઈ શકશે. એટલું જ નહી ૧૩ કિલો લીટર પ્રવાહી ઓક્સિજનની ક્ષમતાના આ પ્લાન્ટથી એક સાથે ૪૦ સિલીન્ડર ભરી શકાય છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે કોરોનાની બીજી લહેરમાં સમગ્ર દેશમાં ખુબ જ ઝડપથી કેસો વધ્યા, ઓક્સિજન બેડ તેમજ ઓક્સિજનની જરૂરિયાત પણ ખુબ મોટી માત્રામાં ઊભી થઈ હતી. ત્યારે કેન્દ્ર સરકારે એરફોર્સના વિમાનો તેમજ રેલવે દ્વારા ઓક્સિજનને એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડ્યો હતો.

આમ વડાપ્રધાન નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ ઝડપથી આ સમસ્યમાંથી બહાર નીકળી શક્યા છીએ. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે ગુજરાતમાં ઓક્સિજન સામાન્ય રીતે જે ખપત ૨૫૦ ટન રહેતી હતી એ બીજી લહેરમાં ઓક્સિજનની ૧૨૦૦ ટન ખપત થવા લાગી હતી. ત્યારે કેન્દ્ર સરકારે ઓક્સિજન, વેન્ટિલેટર, ઈન્જેક્શન જેવી તમામ પ્રકારની મદદ ગુજરાતને કરી હતી.

# કોરોનાની ત્રીજી લહેરનો સામનો કરવા AMC તૈયાર

કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તૈયાર થઈ ગયું છે. એએમસી દ્વારા જરૂરિયાત અંગે હાથ ધરાયેલો સર્વે પૂર્ણ થયો છે. કોરોનાની બીજી લહેર બાદ સર્જાયેલી બેડની અછતને ધ્યાનમાં રાખીને એએમસી દ્વારા ૨૪ હજાર બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત ઓક્સિજન પ્લાન્ટની સંખ્યા વધારાશે, તેમજ વેન્ટિલેટરની સંખ્યામાં પણ વધારો કરાશે. એએમસી દ્વારા ખાનગી અને સરકારી મળી નવા ૫૦ સ્થળ શોધવામાં આવ્યા છે. હોસ્પિટલ ઉપરાંત હવે કોમ્યુનિટી હોલ, બેંક્વેટ હોલ પણ દર્દીઓ માટે તૈયાર કરી રાખવામાં આવશે. કોમ્યુનિટી હોલમાં મિનિ હોસ્પિટલ ઉભી કરવામાં આવશે. તેમજ સાયન્સ સ્ટ્રીમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કોરોના ટેસ્ટીંગ માટે ટ્રેનિંગ પણ આપવામાં આવી રહી છે.

## ખૂણેખાંચરેથી

- ગતિશીલ ગુજરાતના તંત્રી અને વરિષ્ઠ પત્રકાર દિનેશ અનાજવાલાને સુરત ખાતે અકસમાત નડતાં પગે ફેક્ચર થયુ છે.
- ગાંધીનગર શહેરમાં સરકારી પ્રા. શાળાઓમાં એક સપ્તાહમાં ૪૫૦ જેટલા બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.
- પ્લાસ્ટીકનો કચરો વીણતા શ્રમજીવીઓના કલ્યાણ માટેની યોજનાના અમલીકરણને લઈ સચિવ લોચન શહેરાએ આજે વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી હતી.
- ભાટ, કોટેશ્વર અને મોટા ચિલોડા ગ્રામ પંચાયતને સુએજનુંપાણી નદીમાં છોડવાને લઈ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે નોટીસ પાઠવી છે.
- ૧-૭-૨૧ થી ૩૦-૯-૨૧ સુધીમાં જે પંચાયતોની મુદત પુરી થાય છે તેવી ગ્રામ પંચાયતોની મતદારયાદી અંગે ચૂંટણી પંચે કાર્યક્રમ જાહેર કર્યો છે.
- નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત લીગસી ફંડની રકમ પર જી.પી.એફ.ના દરે અર્થાત ૭.૧ ટકાના દરે વ્યાજ ચુકવણી કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.
- આજે સચિવાલયમાં મંગળવારનો દિવસ ધારાસભ્યો માટે અનામત હોય છે. સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં ઘણા બધા ધારાસભ્યો અને તેમના સમર્થકો માસ્ક વિના અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવ્યા વિના ફરતા જણાતા હતા.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૭૨૨ લાભાર્થીઓને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.
- અડાલજ પોલીસે વૈષ્ણવદેવી સર્કલ પાસેથી મોડી રાત્રે એક હજાર લીટર દેશીદારૂના જથ્થા સાથે કારચાલક ઝડપી પાડ્યો છે.
- અડાલજ પાસેના પેટ્રોલ પંપના ટોયલેટની ડોલમાંથી મૃત ભ્રૂણ મળી આવતાં પોલીસે ગણતરીના કલાકોમાં મહેસાણાની મહિલાને ઝડપી પાડી છે.

# કોરોનામાં પતિનું મૃત્યુ થતા સાસરિયાઓએ ખર્ચ માંગ્યો

અમદાવાદ,તા.૧૫

શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતી એક મહિલાએ તેના સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. આ મહિલાના પતિનું કોરોનામાં મૃત્યુ થયા બાદ સાસરિયાઓ તેણીને ત્રાસ આપતા હતા. મહિલાના પતિને જ્યારે કોરોનાની સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યારે તેનું જે બીલ થયું હતું તે રકમ આ મહિલા પિયરમાંથી લઈ આવે તેવી માંગણી સાસરિયાના લોકો કરી રહ્યા હતા. સાસરિયાના લોકો બિલની રકમની અવારનવાર માંગણી કરી પરિણીતાને ત્રાસ આપતા હતા. આ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. મણિનગર પૂર્વમાં રહેતા ૪૧ વર્ષીય મહિલાના વર્ષ ૨૦૦૧માં લગ્ન થયા હતા. હાલ તેઓ તેમના પિયરમાં પુત્રી સાથે રહે છે. તેમના પતિ મહેસાણા દૂધસાગર ડેરીમાં નોકરી કરતા હતા. મે માસમાં તેમના પતિનું કોરોનાને કારણે અવસાન થયું હતું. પતિના મૃત્યુ બાદ સાસરિયાઓએ રંગ બતાવવાનું શરૂ કર્યું હતું. સાસુ, સસરા, દિયર, દેરાણી અને નણંદ તથા માસીજીના પુત્ર અવારનવાર મહિલાને ત્રાસ આપતા હતા.

# સુરત રેડક્રોસ દ્વારા સૈનિકોને ચશ્માનુ વિતરણ કરાયુ

ગાંધીનગર તા ૧૫

સુરત રેડક્રોસ અને ગાંધીનગર લોકદ્રષ્ટી ચક્ષુબેંક નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી નેત્ર સુરક્ષા કવચ અભિયાન અંતર્ગત ૨ હજાર સૈનિકોને ચશ્માનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર સરકીટ હાઉસ ખાતેથી રેડક્રોસ ટીમનુ અભિવાદન કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં નહેરુ યુવા કેન્દ્રના ડાયરેકટર મનિષાબેન શાહ , હોમગાર્ડ કમાન્ડર તેમજ ગાંધીનગરના ચેરમેન જીલુભા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા



અડાલજ ત્રિ-મંદિરની સામે છાપરામાં રહેતા શ્રમિક પરિવારના બે માસના બાળકનું બે વાર અપહરણ થયુ હતું. બંન્ને વાર પોલીસે મહામહેનત કરીને બાળકને હેમખેમ બચાવી તેના માતા-પિતાને પરત સોંપ્યું હતું. જયારે બંન્ને અપહરણ કેસમાં આરોપી દંપતિ પણ અલગ હતું. ત્યારે આ શ્રમજીવી પરિવારના બાળક દિપક ના ભરણ-પોષણની જવાબદારી અડાલજ પોલીસે ઉપાડી છે.

# પોલીસ પ્રજાની સેવા માટે છે, રોફ જમાવવા નહીં : હાઈકોર્ટ

## હેબિયસ કોપર્સ થતા હાઇકોર્ટે ઝાટકણી કાઢી : અમદાવાદ જિલ્લાના વિરમગામમાં ૧૭ વર્ષીય યુવતીનો ગુમ થવાના મામલે હાઇકોર્ટમાં હેબિયસ કોપર્સ થઇ હતી

અમદાવાદ, તા. ૧૫

જિલ્લાના વિરમગામ માં ૧૭ વર્ષીય યુવતીનો ગુમ થવાનો મામલે હાઈકોર્ટમાં હેબિયસ કોપર્સ થઇ હતી. યુવતીનાં પરિવાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે વિરમગામ તેમજ અમદાવાદ ગ્રામ્ય પોલીસને યુવતીને શોધવા માટે આદેશ કર્યો છે. હાઈકોર્ટે પોલીસના વલણની ઝાટકણી કાઢી હતી.

વિરમગામ ટાઉન પોલીસે FIR સિવાય અન્ય કોઈ તપાસ કરી નથી. આગામી ૨૨ જૂન સુધી બાળકીને શોધી હાઈકોર્ટે સમક્ષ રજુ કરવા આદેશ આપવામાં આવ્યો છે. અમદાવાદ ગ્રામ્ય SP ને સમગ્ર મુદ્દે અહેવાલ રજૂ કરવા માટે હાઈકોર્ટે આદેશ આપ્યો છે. આ મુદ્દાનો ઝડપી ઉકેલ લાવવા માટે પણ આદેશ કર્યો છે.

યુવતીનાં પિતા દ્વારા દાખલ કરાયેલી હેબિયસ કોપર્સ અરજીમાં પોલીસ પર કરાયેલા આક્ષેપોને પણ ગુજરાત હાઈકોર્ટે ગંભીરતાથી લીધા. નાગરિકોની સેવા કરવા માટે પોલીસ હોવાની ટકોર કરી હતી. યુવતીનાં પિતાએ દાવો કર્યો કે, વિરમગામ ટાઉન પોલીસે ફરિયાદ નોંધવા સિવાય કોઈ કાર્યવાહી કરી નથી. માત્ર ફરિયાદ લઈને તપાસ કરીશું તેવુ આશ્વાસન જ અપાતું રહ્યું. જેથી મજબુર થઈને હાઈકોર્ટની શરણ લેવી પડી હતી.

# મહિલાઓને જોઈને ગંદી હરકતો કરતા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના વીઆઈપી સેકટરોમાં ચાલતી જતી મહિલાઓ સામે બિભત્સ ચેનચાળા કરતા માનસિક વિકૃત શખ્સને એલીસીબી-૨ અને સેકટર-૭ સર્વેલન્સની પોલીસે ઝડપી લીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૮ અને ૯ ના વિસ્તારમાં સફેદ કલરની એક ગાડી લઈને ફરતો શખ્સ સેકટરમાં અવર જવર કરતી મહિલાઓ સામે કપડા કાઢી ગંદી હરકતો કરતો હોવાની ફરીયાદો ઉઠવા પામી હતી. સેકટરના જાગૃત નાગરીકોએ આ અંગે પોલીસને પણ જાણ કરી હતી. જેને પગલે માનસિક રીતે વિકૃત આ શખ્સને પકડી પાડવા પોલીસ તંત્ર કામે લાગ્યું હતું. પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ નાગરીકોની રજુઆતને ગંભીરતાથી લઈ અશ્લીલ હરકતો કરતા આ શખ્સને પકડવા માટે ડેકોઈનું આયોજન કર્યું હતું. સમગ્ર મામલે ડીવાયએસપી એમ.કે.રાણાના માર્ગદર્શન હેઠળ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલા તેમજ સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ એસ.એસ.પવારે કારમાં ફરીને ગંદી હરકતો કરતા માહિતી મેળવી



હતી. જયારે પીઆઈ એચ.પી.ઝાલાએ આરોપીને પકડી પાડવા માટે એક ટીમ બનાવી હતી. જે મુજબ પોલીસની ટીમ સેકટર-૮ તેમજ ૯ ના વિસ્તારમાં વોચમાં ગોઠવાઈ હતી. આ દરમિયાન સેકટર-૮ માંથી એક સફેદ કલરની એક એસેન્ટ કાર સેકટર-૯ તરફ જતી હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે આ કારનો ખાનગી રીતે પીછો કર્યો હતો. બીજીતરફ કાર ચાલકે સેકટર-૯ માં એકાંત સ્થળે માર્ગ પર કાર ઉભી રાખી હતી. આ દરમિયાન મહિલા પોલીસ કર્મચારી કાર પાસેથી પસાર થતા કારમાં બેઠેલા બ્રિજેશ ભરત સોલંકી (ઉં.૨૭ રહે. પ્લોટ નં.૫૩૦-૧ સેકટર-૭ બી) એ કારમાંથી એકદમ નીચે ઉતરી ગયો હતો. અને ગંદા શબ્દો ઉચ્ચારી અશ્લીલ માંગણીઓ કરી પહેરેલું ટી શર્ટ ઉંચુ કરી દીધુ હતું અને લોઅર પણ કમરથી નીચે ઢીંચણ સુધી ઉતારી દીધુ હતું. આ શખ્સની હરકત જોઈને તુરંત જ પોલીસના અન્ય કર્મચારીઓ સ્થળ પર દોડી ગયા હતા અને કાર નંબર જી.જે.૧૮. એ.ઝેડ.૨૧૬૯ સાથે આરોપીને પકડી લીધો હતો. સેકટર-૭ પોલીસે આરોપી વિરુધ્ધ સામે એકલી જતી મહિલાઓ રંજાળી ગંદી હરકતો કરવા બદલ બે ગુના દાખલ કર્યા છે.પોલીસના જણાવ્યા મુજબ આરોપી વિરુધ્ધ સેકટર-૭ પોલીસ મથકમાં અગાઉ ખુનનો ગુનો સેકટર-૨૧ પોલીસ મથકમાં છેતરપિંડીનો ગુનો પણ નોંધાયેલ છે.


ગુજરાત સરકાર

**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧૫ સને ૨૦૨૧-૨૨**

| | |
|---|---|
| કામની વિગત : ગુહાઈ જળાશય યોજનાના જમણીબાજુના એન.ઓ.એફ.ના લીકેજને અટકાવવા માટેના કામ બાબત રૂ. ૬.૫૨ | |
| ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૮-૬-૨૦૨૧ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં મોકલવાની તારીખ અને સમય (માત્ર રજીસ્ટર સ્પીડ પોસ્ટ/રજી. પોસ્ટ) | તા. ૨૮-૬-૨૦૨૧ થી ૩-૭-૨૦૨૧ ૧૬.૦૦ કલાક સુધી |
| ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | તા. ૪-૭-૨૦૨૧ ૧૨.૦૦ કલાક |
| કચેરીનું સરનામું : કાર્યપાલક ઈજનેરશ્રી યોજના બાંધકામ વિ.નં.૩ દુર્ગા સાઈટ સિંચાઈ ભવન હિંમતનગર, પીન કોડ ૩૮૩૦૦૧. ટે.નં. ૦૨૭૭૨-૨૪૫૦૫૬ | |
| વધુ જાણકારી માટે ઉપરોક્ત કચેરી તથા વેબસાઈટ www.tstatetenders.gujarat.gov..in તથા www.nwr.nprocure.com નો સંપર્ક કરવા વિનંતી છે. | |

નામાનિ/હિંમત/૧૪૪/૨૦૨૧

**Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd**

Tender Inviting for Below Mentioned Material supply for Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd. The Bidder Should Submit Technical Bid, tender Fee and EMD in cover separately. The bidding should be done through https://www-nprocure.com only. The right is reserved to managing Director to accept, reject or cancel the tender/offer.

| | | |
|---|---|---|
| Purchase of Printed stationery (Book, Register, Gum pad, etc) & Printed Stationery **Tender id: 466934** | Tender start date: 16.06.2021 Tender end date: 23.06.2021 | Physical submission of tender documents with D.D.: 24.06.2021 |
| Purchase of Ice-cream Packing Materials Ice-cream Cup & Cone CBX, Cup &Cone Lid, Cone Sleeve Party pack &Family Pack, Choco bar-Dolly Pouch& panner pouch with Food grade Lamination) **Tender id: 466962 AA** | Tender start date: 16.06.2021 Tender end date: 23.06.2021 | Physical submission of tender documents with D.D.: 24.06.2021 |

**I/C Managing Director**
**Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd**
**"K" Road, G.I.D.C. Electronics Estate,Sector-25,Gandhinagar-382024**